સત્યમેવ જયતે

મુલકી ઉડ્ડયન મંત્રાલય
ભારત સરકાર

# પ્રાદેશિક ઍર કનેક્ટિવિટીના નવા દાયકાનો પ્રારંભ



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડા પ્રધાન

## આગામી તબક્કાનો પ્રારંભ થઈ રહ્યો છે

# ઉડાન

(ઊડે દેશ કા આમ નાગરિક)

**અંદાજે રૂ. ૨૯,૦૦૦ કરોડની કિંમતે**

# શ્રી નરેન્દ્ર મોદી

**માનનીય વડા પ્રધાન**

**દ્વારા**

### આ સ્કીમના ફીચર્સ અને લાભ

- અંતરિયાળ અને પ્રાદેશિક ઍર કનેક્ટિવિટી વધારવા રૂ. ૧૨,૧૫૯ કરોડના ખર્ચે ૧૦૦ નવા એરોડ્રોમ વિકસાવાશે
- ભારતના પર્વતીય અને મહત્ત્વાકાંક્ષી જિલ્લામાં રૂ. ૩,૬૬૧ કરોડના ખર્ચે ૨૦૦ હેલિપોર્ટર્સનું નિર્માણ
- પ્રાદેશિક રુટ્સ લાંબો સમય ટકી રહે એ રીતે વધારવા અને પરવડી શકે એવી હવાઈ મુસાફરી માટેની ઍરલાઈનની કામગીરીને સહાય કરવા રૂ. ૧૦,૦૪૩ કરોડનું વાયેબિલિટી ગૅપ ફંડિંગ
- ઍરોડ્રોમ્સની સુરક્ષા, કાર્યક્ષમતા અને ઑપરેશન્સ સતત ચાલુ રાખવા રૂ. ૨,૫૭૭ કરોડના ખર્ચે ઓઍન્ડએમ સપોર્ટ
- સ્વદેશી પ્રાદેશિક ઍવિયેશન ક્ષમતા વધારવા એચએએલ ધ્રુવ હેલિકોપ્ટર્સ અને ડોર્નિયર ઍરક્રાફ્ટની આત્મનિર્ભર ઍરક્રાફ્ટ પ્રાપ્તિ
- વેપાર, પર્યટન અને પ્રાદેશિક અર્થતંત્રને વેગ આપવા, નવી ઍરલાઈન્સના વિકાસની તક વધારવા અને ઍવિયેશન સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન

### મહાનુભાવોની હાજરીમાં

**શ્રી હરિભાઉ કિસનરાઉ બાગડે**
રાજ્યપાલ, રાજસ્થાન

**શ્રી ભજનલાલ શર્મા**
મુખ્ય પ્રધાન, રાજસ્થાન

**શ્રી કિંજારપુ રામમોહન નાયડુ**
કેન્દ્રના મુલકી ઉડ્ડયન પ્રધાન

**શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત**
કેન્દ્રના સાંસ્કૃતિક અને પર્યટન પ્રધાન

**શ્રી મુરલીધર મોહોલ**
કેન્દ્રના મુલકી ઉડ્ડયન અને સહકાર ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન

**શનિવાર, ૦૪ જુલાઈ, ૨૦૨૬ | ૧૦:૪૫ વાગ્યે | જોધપુર વિમાન મથક, રાજસ્થાન**

DD NEWS આ કાર્યક્રમનું ડીડી ન્યૂઝ પર સીધું પ્રસારણ જુઓ



CBC 03111/13/0003/2627

Follow us on:- @AAI_Official | @AirportsAuthorityOfIndiaOfficial | @aaiofficial | @AirportsAuthorityofIndia | @airportsauthorityofindia

# સ્કૂલથી ૫૦૦ મીટરના વિસ્તારમાં ‘સ્ટિંગ’ ડ્રિંક પર પ્રતિબંધ

## મહારાષ્ટ્ર સરકારનો મોટો નિર્ણય

નાગપુરઃ મહારાષ્ટ્ર સરકારે બાળકોમાં વધતા એનર્જીના ડ્રિંકના વપરાશને લઈ સૌથી મોટો નિર્ણય લીધો છે. હવે સ્કૂલના ૫૦૦ મીટરના વિસ્તારમાં સ્ટિંગ એનર્જી ડ્રિંકના વેચાણમાં પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી લેવામાં આવી છે.

મહારાષ્ટ્ર રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના અને ખાસ કરીને બાળકોના આરોગ્યને ધ્યાને લઈને એક મહત્ત્વનો નિર્ણય કર્યો છે. મહારાષ્ટ્ર રાજ્ય સરકારે સ્કૂલના ૫૦૦ મીટરના દાયરામાં ‘સ્ટિંગ’ નામનું એનર્જી ડ્રિંક્સના વેચાણ પર બ્રેક લગાવી દીધી છે.

મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના પ્રધાન નરહરી ઝિરવાળે વિધાનસભામાં આ વિષય પર એક જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટૂંક જ સમયમાં આ વિષય સંબંધી એક વિસ્તૃત ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવશે. એનો ચુસ્તપણે અમલ પણ કરાવવામાં આવશે. નિયમોનું દરેક સ્કૂલે પણ કડકપણે પાલન કરવાનું રહેશે.

સરકારનું એવું સ્પષ્ટ માનવું છે કે, બાળકોમાં અને ટીનેજમાં આ પ્રકારના એનર્જી ડ્રિંક્સનું સેવન ખતરનાક રીતે વધી રહ્યું છે. એની સીધી અસર જે તે વ્યક્તિના આરોગ્ય પર પડી શકે છે. આ કારણે સ્કૂલની આસપાસના ખાણી-પીણીના વેપારીઓને ત્યાં ‘સ્ટિંગ’ નામના એનર્જી ડ્રિંક્સના વેચાણ પર પ્રતિબંધ મૂકવા નિર્ણય લેવાયો છે.

આવા ડ્રિંક્સમાં રહેલા કૈફીન તથા શુગર એક માત્રાથી વધારે ઉમેરવામાં આવે છે, જે શરીરને ખરા અર્થમાં તો કોઈ ઊર્જા કે એનર્જી આપતા જ નથી. ■




# મુસાફરો માટે સારા સમાચાર! મુંબઈ-બેંગ્લુરુ વંદે ભારત સ્લીપર ટ્રેનનું અંતિમ ટેસ્ટિંગ

મુંબઈઃ મુંબઈથી બેંગ્લૂરુ વચ્ચે મુસાફરી કરનારા પ્રવાસીઓ માટે આનંદના સમાચાર મળ્યા છે. મુંબઈથી બેંગ્લૂરુ વચ્ચે ફાઈનલ ટેસ્ટિંગ કર્યા પછી ટૂંક સમયમાં વંદે ભારત સ્લીપર ટ્રેન દોડાવવામાં આવશે, જે દેશની બીજા નંબરની વંદે ભારત સ્લીપર ટ્રેન હશે.

દેશની બીજા નંબરની વંદે ભારત સ્લીપર ટ્રેન બેંગ્લૂરુ રેલવે સ્ટેશને પહોંચી ગઈ છે. મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને કેએસઆર બેંગ્લુરુ રેલવે સ્ટેશનની વચ્ચે દોડાવનારી ભારતની સૌથી ઝડપી ઓવરનાઈટ ટ્રેન હશે. હવે બેંગ્લૂરુ સ્ટેશન ખાતે વંદે ભારત સ્લીપર ટ્રેનનો ફાઈનલ ટેસ્ટ કરવામાં આવશે, ત્યાર પછી પ્રવાસીઓ મુસાફરી કરી શકશે.

ભારત અર્થ મુવર્સ લિમિટેડ (બીઈએમએલ) દ્વારા ચેન્નઇ સ્થિત ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરી (આઈસીએફ)ની ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આ ટ્રેન બનાવવામાં આવી છે. ગ્રે અને ઓરેન્જ રંગવાળી આ ટ્રેન મંજૂરી મળ્યા બાદ શરૂ કરવામાં આવશે. મહારાષ્ટ્ર અને કર્ણાટક એમ બંને રાજ્યો વચ્ચે મુસાફરી ઝડપી બનશે જેના લીધે પ્રવાસીઓને મુસાફરી કરવા માટે એક પ્રીમિયમ અને આરામદાયક વિકલ્પ મળશે. હુબલી-ધારવાડ, બેલગાવી અને પુણેથી મુસાફરી કરનારા પ્રવાસીઓને સ્લીપર સેવાથી ઘણો ફાયદો થશે. આ સેવાઓ દરેક સુરક્ષા ટ્રાયલ પૂર્ણ કરી મંજૂરી મળ્યા બાદ ટ્રેન મુસાફરો માટે ખુલ્લી મુકવામાં આવશે.

દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન જાન્યુઆરી ૨૦૨૬માં હાવડા અને કામાખ્યા વચ્ચે શરૂ કરવામાં આવી હતી. આ ટ્રેન દ્વારા બંને શહેરો વચ્ચે યાત્રાના સમયમાં છ કલાક જેટલો ઘટાડો નોંધાયો હતો. આ જ રીતે મુંબઈ અને બેંગ્લુરુ વચ્ચે પણ મુસાફરીના સમયમાં ઘટાડો થવાની શક્યતા છે. ■




# હાફકીન બાયો-ફાર્માના ખાનગીકરણની કોઈ યોજના નથીઃ ઝિરવળ

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે જણાવ્યું હતું કે રાજ્યની માલિકીની હાફકીન બાયો-ફાર્માસ્યુટિકલ કોર્પોરેશન લિમિટેડનું ખાનગીકરણ કરવાની કોઈ યોજના નથી. એક કંપનીએ રસ બતાવ્યો હતો, પરંતુ પ્રસ્તાવ મંજુર કરવામાં આવ્યો નથી. વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન જવાબ આપતા, ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પ્રધાન નરહરિ ઝિરવળે કહ્યું કે હાફકીનને કોઈ ખાનગી ક્ષેત્રને સોંપવાનો સરકારનો ઉદ્દેશ્ય ક્યારેય નહોતો.

પ્રધાને જણાવ્યું હતું કે રાજ્યએ રસી, રક્ત ઘટકો અને અન્ય જૈવિક ઉત્પાદનોના ઉત્પાદન માટે સુવિધાઓનું આધુનિકીકરણ કરવા માટે કેન્દ્રનો ટેકો માગ્યો હતો. માત્ર એક જ કંપનીએ રસ દાખવ્યો હોવાથી દરખાસ્ત સ્વીકારવામાં આવી નહોતી, એમ તેમણે ઉમેર્યું. વહીવટી સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષ માટે હાફકિન બાયો-ફાર્માસ્યુટિકલનું નેતૃત્વ કરવા માટે પૂર્ણ-સમયના વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવાની વિનંતી કરી હતી. તેમણે પ્રામાણિક અધિકારી ગણાતા એફડીએ કમિશનર તુકારામ મુંઢેને કંપનીનો હવાલો સોંપવાની માગ કરી હતી, જેના પર પ્રધાને સંમતિ દર્શાવી હતી.

હાફકીનના ખાનગીકરણની શક્યતાને નકારી કાઢતા તેમણે સ્વીકાર્યું કે ઉત્પાદન અટકી ગયું છે. ■
















# પ્રેમપ્રકરણની શંકા પરથી મારપીટમાં યુવકનું મૃત્યુઃ અંબરનાથમાં તંગદિલી

## ગામવાસીઓ ભડક્યાઃ આરોપીને આશ્રય આપ્યાનો આરોપ કરી નગરસેવકની ઑફિસ પર પથ્થરમારો

થાણેઃ પ્રેમપ્રકરણની શંકા પરથી કરાયેલી મારપીટ પછી યુવકનું હૉસ્પિટલમાં મૃત્યુ થતાં અંબરનાથમાં તંગદિલી ફેલાઈ હતી. રોષે ભરાયેલા ગામવાસીઓએ આરોપીને આશ્રય આપવાનો આરોપ કરી સ્થાનિક નગરસેવકની ઑફિસ પર પથ્થરમારો કર્યો હતો. આરોપીની ધરપકડની માગણી સાથે સેંકડો લોકોએ પોલીસ સ્ટેશનમાં પણ ભારે હંગામો મચાવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ અંબરનાથ પૂર્વના પાલેગાંવ વિસ્તારમાં બુધવારે તંગદિલીભર્યું વાતાવરણ હતું. ૨૩ જૂને ઓમ ખોરેની પાંચથી સાત જણે બેરહેમીથી પીટાઈ કરી હતી. ગંભીર અવસ્થામાં તેને મુંબઈની કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવાર દરમિયાન બુધવારે ખોરેનું મૃત્યુ થતાં ગામવાસીઓ ભડક્યા હતા.

કહેવાય છે કે ખોરેને એક યુવતી સાથે પ્રેમ હોવાની શંકાને પગલે આ હુમલો થયો હતો. યુવતીના કાકાએ શંકાને આધારે આ હુમલો કરાવ્યાનું માનવામાં આવે છે. આ પ્રકરણે અંબરનાથની શિવાજી નગર પોલીસે શરૂઆતમાં ત્રણ જણ વિરુદ્ધ ગુનો નોંધી બેની ધરપકડ કરી હતી. જોકે ઓમ ખોરેના મૃત્યુના સમાચાર બુધવારે ફેલાતાં જ તેના પરિવારના સભ્યો, સગાંસંબંધી અને સેંકડો ગામવાસીઓ પોલીસ સ્ટેશને મોરચો લઈ ગયા હતા. માર્ગમાં આવેલી એક રાષ્ટ્રીય પક્ષના પાલેગાંવના નગરસેવકની ઑફિસ પર લોકોએ આક્રોશ ઠાલવ્યો હતો. પથ્થરમારો કરી ઑફિસની તોડફોડ કરવામાં આવી હતી. ગામવાસીઓનો આક્રોશ જોઈ કાયદો અને સુવ્યવસ્થાની સ્થિતિ જાળવવા સંબંધિત વિસ્તારમાં પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ખોરેનાં સગાંએ આક્ષેપ કર્યો હતો કે નગરસેવકે જ હુમલાખોરોને આશ્રય આપ્યો હતો અને પોલીસ કાર્યવાહીથી બચાવ્યા હતા. જોકે નગરસેવકે આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને ઑફિસની તોડફોડ કરનારાઓ વિરુદ્ધ કડક પગલાં લેવાની માગણી કરી હતી. ■

# રખડતા શ્વાનોના ત્રાસ સામે કડક કાર્યવાહીની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્રના વિધાન સભ્યોએ શુક્રવારે રાજ્યમાં રખડતા શ્વાનના હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી પશુ નિયંત્રણના પગલાં કડક રીતે લાગુ કરવા અને વસ્તી વ્યવસ્થાપનના પ્રયાસોમાં અવરોધ ઉભો કરનારાઓ સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી.

પ્રધાન ઉદય સામંતે રાજ્ય વિધાનસભામાં માહિતી આપી હતી કે રાજ્યભરમાં લગભગ ૧૪.૮ લાખ રખડતા શ્વાન હોવાથી સરકાર નસબંધી અને રસીકરણ અભિયાનને વેગ આપી રહી છે. છ મહિનામાં મુંબઈમાં ત્રણ શ્વાન આશ્રયસ્થાનો શરૂ કરવામાં આવશે એવી જાહેરાત પણ કરી હતી. તેમણે કહ્યું હતું કે રાજ્ય સરકારે તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને રખડતા શ્વાનના સંચાલન અંગે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો કડક અમલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

જોકે, ઘણા વિધાન સભ્યો સરકારના પ્રતિભાવથી અસંતુષ્ટ હતા અને શ્વાનના હુમલામાં બાળકોના મોતની ઘટનાઓનો ઉલ્લેખ કરીને મજબૂત અને સમયબદ્ધ કાર્યવાહી માટે દબાણ કર્યું. પ્રધાનએ ગૃહને માહિતી આપી હતી કે મહારાષ્ટ્રમાં લગભગ ૧૪.૮ લાખ રખડતા શ્વાન છે, જેમાં મુંબઈમાં લગભગ ૯૪ હજારનો સમાવેશ થાય છે. તેમાંથી અત્યાર સુધીમાં બે લાખથી વધુને રસી આપવામાં આવી છે અને લગભગ ૧.૮ લાખને નસબંધી કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આગામી છ મહિનામાં મુંબઈમાં ત્રણ ડોગ શેલ્ટર બનાવવામાં આવશે અને વધતા જતા જોખમનો સામનો કરવા માટે રાજ્યમાં નસબંધી માટે પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. (પીટીઆઈ) ■



